તારાંકિત પ્રશ્ન ક્રમાંક: પ્ર/

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/4/2501

વિષય:

નવસારી જિલ્લામાં સરકારી જમીનમાં ઝીંગા ફાર્મ

| સૂચના મળ્યાની તારીખ: | વિભાગે ઓનલાઇન જવાબ મોકલાવવાની છેલ્લી | પ્રશ્ન દાખલ કર્યાની તારીખ |
| --- | --- | --- |
| 31/01/2024 | તારીખ 21/02/2024 | 07/02/2024 |

*15/4/2501 શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા)

મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન જણાવવા કૃપા કરશે કે:-

૧૪મી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૬/૦૩/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલો તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૩૨૭૯૫ (અગ્રતા-૨૦)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:

(૧) નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના કરાડી, કરાંખટ, વાંસી તથા બોરસી ગામોમાં સરકારી પડતર, ખરાબાની જમીનમાં ગેરકાયદેસર દબાણ કરીને ઝીંગા ઉછેર કેન્દ્ર/ ઝીંગા ફાર્મ ચાલી રહેલ હોવા અંગેની મળેલ રજૂઆત બાબતે સંબંધિત અધિકારીને જરૂરી જાણ કરી અહેવાલ મોકલી આપવા જણાવેલ તે અહેવાલ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્યારે મળેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ અહેવાલ મુજબ કેટલી જમીનમાં ગેરકાયદેસર ઝીંગા ઉછેર કેન્દ્ર/ઝીંગા ફાર્મ ચાલી રહ્યાનું સામે આવ્યું,

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી જમીનમાંથી ગેરકાયદેસર દબાણ દૂર કરી જમીન ખુલ્લી કરવામાં આવી, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનમાંથી દબાણ દૂર કરવાનું છે, તે ક્યાં સુધીમાં કરવામાં આવશે?

----